સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઓછા કર્મીઓથી તંત્ર ચલાવવું એ શોષણ છે,
માત્ર ચૂંટણીલક્ષી નિર્ણયો લેવા એ દુષણ છે.
એષણા છે મનમાં એકહથ્થુ પક્ષ ને સત્તાની -
દિલ્હીની હવામાં સત્તા ને પદનું પ્રદુષણ છે.

હાઈકુ

લાગ્યું છે સૌને
'ખૂરશી'નું વ્યસન -
મુક્ત ન કોઈ...
(આંદોલનો...)

લ્યો! પહેરાવો!
હવે નવા બૂરખો -
દારૂબંધીને...
(હમ્મા વધારવાનો કિમીયો)

ચિંતન

સુવર્ણપુષ્પાં પૃથિવીં ચિન્વન્તિ પુરુષાસ્ત્રયઃ ।
શૂરશ્ચ કૃતવિદ્યશ્ચ યશ્ચ જાનાતિ સેવિતુમ્ ॥

સોનાના ફુલોવાળી પૃથ્વીનું ચયન ત્રણ પ્રકારના પુરુષો કરે છે : શૂરવીર, વિદ્વાન અને જે પૃથ્વીની સેવા કરવાનું જાણે તે.

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

ધરતીમાતા તો ધન-ધાન્યના ભંડારથી ભરેલા છે. ખરેખર પૃથ્વી તો સોનાના ફૂલ ખીલવે છે, પરંતુ એ સોનાનાં ફૂલ ચૂંટવા માટે યોગ્યતા જોઈએ. વિદુર સ્પષ્ટતા કરે છે કે આવી યોગ્યતા ત્રણ પ્રકારના પુરુષોમાં છે. શૂરવીર, વિદ્વાન અને સેવા કરવાની કળા જાણનાર. શૂરવીર પોતાના પરાક્રમ-પુરુષાર્થના બળે ધરતીમાંથી ધન-ધાન્ય મેળવી શકે, વિદ્વાન પોતાની વિદ્યાના બળે પૃથ્વીનું દોહન કરી શકે અને પૃથ્વીની સેવા-સુશ્રુષા કરવાની કળા જે જાણે, તે પૃથ્વીની માનવજત કરીને, એમાંથી સોનાના ફૂલ ચૂંટી શકે.

સુવિચાર

- ગુલામીના બે પ્રકાર છે... એક બહારની અને બીજી ભીતરની... બહારની ગુલામી એ મજબૂરી કહેવાય, ભીતરની ગુલામી એને માંદગી કહેવાય - **શ્રી શ્રી રવિશંકર**
- સમયની દાઝથી પડેલા ફોડલાને ફૂંક મારવાનું કામ પણ સમય જ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પાંચીકા ના હોય, હોય નહીં કોઈ દી સંતના ઢગલા... સંત સહુને મુક્તિ વહેંચે.., નહીં વાઘા નહીં ઢગલા - **ભીખુદાન ગઢવી**
- મોહની બ્હાર જાવ તો મોક્ષ છે - **ઝેન કથન**
- સુખોની સાથે સરી જાય છે, બધા સ્નેહી... પડે છે ભીડ તો ખાવા કસમ નથી મળતા... - **અમૃત ઘાયલ**
- ખરેખર દુનિયા જીતવાની જરૂર નથી, પરિવારના સભ્યોના દિલ જીતવાની જરૂર છે - **ચંદ્રકાન્ત મહેતા**
- મિત્રતા વગરનું જીવન એટલે સૂર્ય વગરનું આકાશ - **હરીન્દ્ર દવે**
- આજનું ઔષધ : ૨ નંગ પાકા કેળા ખાવાથી તૃષારોગ મટે છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

કેટલાક લોકો થોડી-નાની શી મુશ્કેલી આવે કે હતાશ થઈ, કંટક ભર્યો માર્ગ બદલી નાખે, વિદ્યાર્થી અભ્યાસની 'લાઈન' બદલી નાખે, વેપારી સાહસનો ધંધો બદલી નાખે અને દાંપત્યમાં પણ સાવ નાની વાત માટે છૂટાછેડા થઈ જતા હોય છે. ગમે તેવાં આફતના વાવાઝોડાં આવે છતાં ય નક્કી કરેલાં - હાથમાં લીધેલાં કાર્યને છોડવું નહીં પણ પ્રયત્નપૂર્વક તેને 'ચીટકી' રહેવું.

અબ્રાહ્મ લિંકન અમુક વિસ્તારની ચૂંટણીમાં હાર્યા - નાશીપાશ ગાર્ડનના એક ઓટલે બેસીને વિચાર કરતા હતા. 'રાજકારણ' છોડી દઉં કે શું? ત્યાં એની નજર ફૂલ પર બેઠેલી મધમાખ પર પડી.

આરામથી મધ ચૂસતી હતી. ત્યાં વાવાઝોડું આવ્યું. થોડીવારમાં વંટોળ શમ્યો. લિંકને વિચાર્યું પેલી મધમાખીનું શું થયું હશે. જોયું તો નમી ગયેલા ફૂલના છોડ પર 'ચીટકી'ને હજુ મધમાખી ત્યાં જ બેસી મધ ચૂસતી હતી.

લિંકનને મધમાખી પ્રેરણા ગુરુ બની ગઈ. ફરી નવી ચૂંટણીના આયોજનમાં લાગી ગયા.

ઉત્તરપ્રદેશમાં નવા ગઠબંધનનો ઊકળતો ચરુ

ઉત્તરપ્રદેશમાં યાદવ પરિવાર માટે અસ્તિત્વની કટોકટી સરજાઈ છે. ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યા છે અને પરિવારમાં એક સાંધતાં તેર તૂટે એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. સમાજવાદના હાર્દને પચાવી જાણનારા ડૉ. રામ મનોહર લોહિયા અને જયપ્રકાશ નારાયણના અનુયાયી હોવાનો દાવો કરતા પહેલવાન મુલાયમસિંહે સમાજવાદના ઓળખ ચિહ્ન જેવી લાલ ટોપી સિવાય બીજું કોઈ જ લક્ષણ લક્ષમાં લીધું નથી. જેપી ચળવળથી મળેલ પોઝિટિવ ધક્કાના જોરે મુલાયમ દેશના સૌથી મોટા રાજયના શક્તિશાળી ગ્રામીણ નેતા તરીકે ઊપસી આવ્યા ત્યારથી તેઓ એક જ ગાણું ગાતા રહ્યા છે : 'હું ડૉ. રામ મનોહર લોહિયા અને ચૌધરી ચરણસિંહને મારા પ્રેરણાપુરુષ માનું છું.' પરંતુ સમાજવાદી મુલાયમે જે બીજી ઓળખ ઊભી કરે તે 'મુલ્લાં મુલાયમ'ની છે. તેઓ હરહંમેશ મુસલમાનોની પડખે રહ્યા છે. દેશના મુસ્લિમોને આજની તારીખમાં કોઈ હિંદુ નેતા પર આંધળો વિશ્વાસ હોય તો તે મુલાયમસિંહ યાદવ પર છે. મુલાયમસિંહ માટે મુસ્લિમ વોટબેંક એ સૌથી મોંઘેરી મિરાત છે. એથી સંઘ અને ભાજપના લોકોએ એમનું હુલામણું નામ 'મુલ્લાં મુલાયમ' પાડી દીધું છે. આઝમખાં જેવા મુસ્લિમ નેતા મુલાયમ રાજમાં નવાબી ઠાઠથી રહે છે. ખુદ મુલાયમ પરિવારના આગેવાનો સામે પણ એ વાત વાતમાં બાખડી પડે છે. મુલાયમની બીજી ઓળખ તે પરિવારવાદ છે. સમાજવાદને એમણે કુટુંબકબીલાવાદમાં ફેરવી નાખ્યો છે. હવે એ જ પરિવારમાં જામેલી યાદવાસ્થળી મુલાયમ માટે માથાનો દુખાવો બની રહેલ છે. પુત્ર અખિલેશને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરીને ગત વિધાનસભાની ચૂંટણીમાં એમણે ડંકો વગાડી દીધો હતો. પુત્રને લખનૌની નવાબી સોંપી પોતે દિલ્હીનું મયૂરાસન કબજે કરવાનાં સપનાં જોવા લાગેલા પણ ત્યાં અચાનક નરેન્દ્ર મોદીનો રાજયોગ પ્રબળ થયો અને મનની મનમાં જ રહી ગઈ. પરિવારની પાંચ બેઠકો માંડ જીતી શક્યા, જે પૈકીની બે પર તો પોતે જ ઉમેદવારી કરી હતી. કોંગ્રેસી શાસન દરમિયાન સીબીઆઈના સકંજામાંથી છોડાવનારા અમરસિંહ સાથે પારિવારિક સદસ્યો તથા આઝમખાં જેવા વફાદાર સાથીને વાંધો પડતાં એમને પાર્ટીમાંથી તગેડી મૂકવા પડેલા. એ જ અમરસિંહને મુલાયમ ફરી પાછા પાર્ટીમાં પ્રવેશ આપી

તંત્રીસ્થાનેથી...

આગામી વિધાનસભાની ચૂંટણી જીતવાની પેરવીમાં પડ્યા છે. 'તીન તલાક' અને 'સર્જિકલ સ્ટ્રાઈક' જેવા મુદ્દાઓના જોરે ભાજપ લખનૌને કેસરિયા રંગે રંગવા તૈયાર થયો છે ત્યારે મુલાયમને બિનસાંપ્રદાયિક પરિબળોના ગઠબંધનનો કીમિયો સૂઝ્યો છે. કોંગ્રેસના વ્યૂરચનાકાર પ્રશાંત કિશોર સાથે મુલાકાત થઈ ગઈ છે અને અખિલેશના નેતૃત્ત્વમાં નીકળેલ વિજયથી વિકાસ તરફ કૂંચ કરતા રથને રિસાયેલા કાકાએ જયેષ્ઠ બંધુની આમાન્યા રાખી લીલી ઝંડી આપી છે. વેવાઈ લાલુ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ અને ચરણસિંહના સુપુત્ર (?) અજિતસિંહની પાર્ટી રાષ્ટ્રીય લોક દળ સાથે ગઠબંધન હાથવેંતમાં છે. આ બેઉ નેતાઓ ઉપરાંત પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગોવડા પણ સમાજવાદી પાર્ટીના સંમેલનમાં હાજર રહી ગઠબંધનના રાજકારણનું નવું પ્રકરણ આલેખશે. ખાટલે મોટી ખોડ કે માયાવતી કોઈ પણ સંજોગોમાં દુશ્મન મુલાયમસિંહનું વેર ભૂલી શકે એમ નથી તો વળી કોંગ્રેસ અખિલેશનું નેતૃત્વ સ્વીકારવા સહમત થશે કે એ પ્રશ્ન છે. ખુદ મુલાયમે બિહારના ગઠબંધન વખતે પારોઠના પગલાં ભરેલાં તે સુવિદિત છે.

રીયલ એસ્ટેટ રેગ્યુલેશન્સ એન્ડ ડેવલોપમેન્ટ એકટ-૨૦૧૬ (રેરા)

બિલ્ડર્સની બાંધકામ યોજનાઓ સામે રોકાણકારોને રક્ષણ આપતા રીયલ એસ્ટેટ રેગ્યુલેશન્સ એન્ડ ડેવલોપમેન્ટ એકટની રચના સરકારે સને ૨૦૧૩માં કરેલ તેના નીતિ નિયમોને કાયદાનું સ્વરૂપ આપી રોકાણકારોને રક્ષીત કરી બિલ્ડર દ્વારા ગ્રાહકોને છેપરપીંડીના કિસ્સાને અંકુશમાં લાવવા માટે કાયદો ઘડવામાં આવેલ જેનો અમલ ૧-૫-૨૦૧૬ ના રોજ શરૂ થઈ ગયેલો છે પરંતુ તેની જાણ તથા જાગૃતતા રોકાણકારોને ન હોતી. સરકારે રોકાણકારો અને બિલ્ડરો વચ્ચેની તકરારો ઉકેલવા માટે રીયલ એસ્ટેટ ઓથોરીટીની રચના કરેલ પરંતુ તે કાર્યરત ન હોતી સરકારે ચીફ જસ્ટીસ પાસેથી સભ્યની નિયુકતી માટે નામો મંગાવ્યા છે. રીયલ એસ્ટેટ એકટને સંસદના બન્ને ગૃહોમાં બહુમતી મળતા હવે નક્કર કાયદો અમલમાં મુકાશે.

રીયલ એસ્ટેટ ઓથોરીટીની રચના કરનાર ગુજરાત પ્રથમ રાજય છે તેમજ આ નોટીફિકેશન બહાર પાડનાર પણ પ્રથમ રાજય છે. આનાથી રોકાણકારોના રીયલ એસ્ટેટમાં ફસાયેલા નાણા બહાર આવશે, મોટાભાગે રોકાણ કરતા તરફે જ આ નિયમો ઘડાયા હોય તેવું પ્રથમ દ્રષ્ટીએ લાગે છે.

અગાઉ કેન્દ્રીય રીયલ એકટ-૨૦૦૬ અમલમાં હતો જેમાં મોટાભાગે ટેકનિકલ પાસાઓથી રોકાણ કરતા અજાણ હોય ટેકનિકલ જાણકારી ના હોય તેનો લાભ બિલ્ડરો દ્વારા ઉઠાવી કાયદાની ચુંગાલમાંથી છટકી જતા આ એકટમાં કાયદાની છટકબારી સરકારે બંધ કરી નવા નિયમો રોકાણ કરતાના લાભમાં અમલમાં મુકેલ છે.

બિલ્ડરો સામે ફરીયાદ કરવા હાઈકોર્ટ સુધી જવાનો ખર્ચ તથા સમયની બચત થશે. હાઈકોર્ટ નામ સૂચવે તે ન્યાયાધિશની અધ્યક્ષતામાં ઓથોરીટીની રચના કરવામાં આવશે જેમાં હાઉસીંગ કમિશ્નર, ગૃહ નિર્માણ સચિવ અને કાયદા વિભાગના સચિવ હોદ્દાના રૂએ સભ્ય તરીકે કમીટીમાં ફરજ બજાવશે. આગામી માસમાં હાઈકોર્ટ તરફથી જે ન્યાયાધિશનું ઓથોરીટી તરીકે નામ સૂચવાય ત્યારબાદ નવી જ ઓથોરીટી કાર્યરત કરવામાં આવશે.

પઝેશનથી લઈને ગુણવત્તાના મામલે રોકાણકારો અને બિલ્ડરો, ડેવલોપર્સ સામે લાંબી ન્યાયીક લડતનો આ ઓથોરીટીની રચના થતા અંત આવશે અને ન્યાઈક પ્રક્રિયા સરળ, ઝડપી અને ઓછા ખર્ચવાળી બનતા રોકાણ કરતાને લાભ થતા જેનો લાભ રાજયના વિકાસમાં થશે.

જો બિલ્ડર્સ નક્કી કરેલ સમય મર્યાદામાં પઝેશન નહિ આપે તો ૪૫ દિવસમાં રોકાણ કરતાને રીફંડ વ્યાજસહ પરત આપવું પડશે. હાલમાં બિલ્ડર્સ દ્વારા યોજનામાં વિલંબ થાય અને જુના ભાવે ખરીદનારને ફલેટ, મકાન ના આપી નવી માર્કેટ પ્રમાણે અન્ય ગ્રાહકને વેચી તગડો નફો કમાઈ અને રોકાણ કરતાને છેતરવામાં આવતા તેમજ કોર્ટ કચેરીમાં ન્યાય મેળવવામાં વિલંબ થતા રોકાણ કરતાના નાણા ફસાઈ જતા જે પરિસ્થિતિ હવેથી અટકશે.

બિલ્ડરોએ હવેથી કોર્મસીયલ કે રેસીડન્સ સ્કીમમાં ઓપન તથા કલોઝ પાર્કિંગ એરીયા સ્પષ્ટ બતાવવો પડશે. દર પખવાડિયે કેટલા બ્લોક બુક થયા તેની પણ વિગતો વેબપેજ ઉપર ઓનલાઈન મુકવી પડશે તેમજ કન્સ્ટ્રકશનની અપડેટ ઈનર તથા આઉટર ફોટોગ્રાફસ દ્વારા દર્શાવવા પડશે. પ્લાનની નકલ, ટીપી સ્કીમ નંબર, પ્લાન પાસની નકલ, વપરાશ સર્ટીફિકેટ જરૂરી સુધારા વધારા તથા સરકારી તમામ મંજુરીઓ વેબપેજ ઉપર અપડેટ કરવાની રહેશે તેમ કરવામાં કસુર થતા ડેવલોપમેન્ટ અધિકારી સ્થળ ઉપર ચેકીંગ કરી યોગ્ય રકમનો દંડ ફટકારશે.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ડેવલોપમેન્ટ પ્રોજેકટના રજીસ્ટ્રેશન માટે અરજી કર્યા બાદ ત્રણ માસની અંદર પ્રોજેકટ માટે એકત્ર કરેલ તથા વણવપરાયેલ નાણાના ૭૦ ટકા રકમ અલાયદી બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે જે બાંધકામના તબક્કાવાર ખર્ચ માટે જ ઉપાડી શકાશે.

રહેણાંક યોજના હોય તો પ્રથમ ૧૦૦૦ ચો.મી. દિઠ રૂા.૫/- ત્યારબાદના પ્રતિ ચો.મી. રૂા. ૧૦/- અથવા વધુમાં વધુ પાચ લાખ તથા કોર્મશીયલ પ્રોજેકટ માટે ચો.મી. દિઠ ૧૦/- અને મીક્ષ ડેવલોપમેન્ટ માટે પ્રતિ ચો.મી. દિઠ રૂા. ૧૫/- તથા વધુમાં વધુ ૭ લાખ અને માત્ર કોર્શીયલ પ્રોજેકટ હોય તો ચો.મી. દિઠ રૂા.૨૦/- અને ૨૫/- તથા મહત્તમ રકમ ૧૦ લાખ તેમજ માત્ર પ્લોટની જ યોજના હોય તો ચો.મી. દિઠ રૂા. ૫/-- અગર રૂા. બે લાખ જેટલી ફી ભરવી પડશે રજીસ્ટ્રેશન રીન્યુઅલ માટે દર અડધો રહેશે.

રીયલ એસ્ટેટના એજન્ટ કે બ્રોકર માટે વ્યક્તિગત ફી ૧૦ તથા અન્ય કિસ્સામાં ૫૦ હજાર રહેશે. પ્રોજેકટ તથા એજન્ટના રીન્યુઅલના કિસ્સામાં ફીનું ધોરણ ૫ હજારથી ૨૫

અનુસંધાન પાના નં. ૭ પર

માનવે તો પુરૂષાર્થમાં સતત રચ્યા રહેવાનું છે

સુખી તેઓ છે, જે સ્વપ્ના સેવે છે,
અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે.

દિવાળી પૂરી થતાં જ નવાં વર્ષના આગમન સાથે જ ધીરે-ધીરે સૌ કોઈ પોતપોતાની routine life તરફ પરત ફરી રહ્યા હોય છે. નાના બાળકથી લઈને મોટા વડીલો સુધી દરેક માટે સોમવારનું આવવું, વેકેશન પુરું થવું એકસરખું જ બોરીંગ અને કંટાળાજનક અઘરું કામ હોય છે. પણ પોતાના સપના, પોતાના લક્ષ્ય, પોતાના અધૂરાં કાર્યો પૂરા કરવા માટે આપણે સૌ મને-કમને હસતા મોઢે ફરી એકવાર કામમાં પરોવાઈ જઈએ છીએ. આપણે સૌ જાણીએ જ છીએ કે કંઈક પામવા માટે કંઈક ગુમાવવું પડે છે. તહેવારો આપણા જીવનમાં નવું જોમ અને નવો ઉત્સાહ ઉમેરીને જીવનને રસપ્રદ બનાવે છે. કવિશ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ,

"માનવે તો પુરુષાર્થમાં સતત રચ્યા રહેવાનું છે.
કસો કમર ચલાવો મજલ. મુકામની દિશામાં બે ડગ તો ભરો."

જે પ્રયત્નશીલ છે, તે અથડાતો, પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મોટો સવાલ નથી; માણસ પાછો ઊભો થઈ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્ત્વ છે. સતત પ્રયત્ન કરતો રહે તો માણસ અંતે જીવનસાફલ્ય પામે જ છે. 'ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના.'

દિવાળીના તહેવારમાં આપણે ગમે તેટલા ઓતપ્રોત થઈને આનંદ માણ્યો હોય છતાં આજે આપણે આવનારા વર્ષ દરમિયાન કરવાના કાર્યો તેમજ જરુરી બાબતોની સૂચી બનાવી આયોજનપૂર્વક કાર્ય કરવું જોઈએ. તહેવારો અને જીવનમાં બનતી ઘટનાઓ નિરંતર ચાલ્યા જ કરે છે એ વાસ્તવિકતા સ્વીકારીને તહેવાર બાદ નવી આશા, નવા જોમ સાથે કાર્યની શુભ શરુઆત અને નવ વર્ષની શરુઆત કરીએ તો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરી શકીશું. સોશિયલ મીડિયાને કારણે હવે કંટાળો આવતો હોય કે ન ગમતી હોય એ તેવી વાતો Whats app પર ઓડિયો કે વીડિયોના સ્વરુપમાં માણીએ છીએ અને તેના પર હસી પણ નાંખીએ છીએ. આવનારા વર્ષમાં સંબંધો, લાગણીઓ, પ્રેમ અને અનુકંપાથી ભરપૂર બનીએ અને સમાજમાં તેનો પ્રચાર કરીએ તેમજ વધુમાં વધુ લોકોને તેમાં ભાગીદાર બનાવી શકીએ તો તહેવારનો ખરો હેતુ સિદ્ધ થયો ગણાશે. આપણે સૌએ જોયું, અનુભવ્યું, થોડા દુ:ખી પણ થયા કે જેટલા પ્રમાણમાં Whats app મેસેજીસ ફોરવર્ડ કર્યા કે ફોટા અપલોડ કર્યા એટલો આનંદ માણી શક્યા નથી! કયાંક કંઈક ખૂટતું હોય, છૂટતું હોય કે બાકાત થઈ રહ્યું હોય તેવો અહેસાસ આપણને હતાશ બનાવી દે છે! એકબીજાના ઘરે આવવું. એકબીજાને મળવું કે તહેવારને ખરા અર્થમાં માણવું એ તમામ જાણે એક સ્વપ્નસમાન લાગે છે. ગણ્યાગાઠ્યા લોકો જ તહેવારને પરંપરાગત રીતે માણે છે. જેના કારણે ધીરે-ધીરે સમાજમાં depression અને broken relationship નું પ્રમાણ વધી રહ્યું છે! મોટા ભાગે બહાર ફરવા જવાનું અત્યારે Comon થઈ ગયું છે ત્યારે પણ જો આપણે આપણા Family values અને bonding ને મજબૂત રાખવું હશે તો વર્ષમાં એકવાર દિવાળીના તહેવારમાં Family trip કરીને પણ એકબીજાની સાથે સમય પસાર કરવાનો પ્રયત્ન કરવાની જરુર છે. ઘરના તમામ તમામ સભ્યો સાથે મળીને સમય પસાર કરે કરે એ જ સાચી ઉજવણી ગણાય.

સંબંધોની કયારી જયારે સમયના અભાવે કરમાઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તેમાં સ્નેહ અને હૂંફના પાણીનો છંટકાવ કરી તેને ફરીથી મઘમઘતી બનાવી શકાય. આપણા ધ્યેય તરફ આગળ વધવાની સાથોસાથ આપણી આસપાસ જે નાના-મોટા સંબંધો પાછળ છૂટી ગયા છે તેને થોડો સમય, થોડી માવજત અને થોડી હૂંફ દ્વારા નજીક લાવવાનો પ્રયત્ન કરીશું તો આવનારી દિવાળીને કંઈક નવા જ ઉત્સાહ સાથે ચોક્કસપણે નવા અંદાજમાં માણી શકીશું. ધનતેરસથી માંડીને લાભપાંચમના મેસેજમાં એક સામ્યતા એ જ રહી કે આ વર્ષે આપણે આપણા સંબંધોમાં ઉષ્મા આણી શકીએ. ધનતેરસનો એક મેસેજ,

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

When a child needs his father's time and father keeps his mobile away and switches tv off and given his 100 percent to child, that moment is DHAN for the child.

when even after 20 years of wedding the husband still tells his wife 'I Love You' and appreciate her for what she is with all honesty, those moment are DHAN for the wife.

when perents are old and they need attention and compassion from their children and when thet get it, those moment are DHAN for perents.

May your life and world be filled with all such DHAN which makes our life truly wirth living.

અને

લાભપાંચમ

- **વિવાદ વગર દિવસ પુરો થઈ જાય, એ જ સાચો લાભ**
- **રાત્રે શાંતિપૂર્ણ નીંદર આવી જાય, એ જ સાચો લાભ**
- **દિવસમાં કોઈ એકને મદદરુપ થવાય, એ જ સાચો લાભ**
- **દવાખાનામાં પૈસા ન વેડફાય, એ જ સાચો લાભ**
- **મહેનત અને પ્રામાણિકતાથી ધન આવે, એ જ સાચો લાભ**

આ બંને મેસેજ આપણે સંપૂર્ણપણે સમજી શકીએ તેની સંવેદનશીલતા મનમાં ઉતારી શકીએ અને તે પ્રમાણે વર્તી શકીએ એ જ આપણા નવાં વર્ષનો સંકલ્પ...

- nehalgadhavi101@gmail.com

જૂનાગઢના આરઝી હકૂમત દિવસનું રાષ્ટ્રગૌરવ

તળ સૌરાષ્ટ્ર અથવા તો કાઠિયાવાડનું જૂનાગઢ રાજ્ય ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ૩૦૦ માઈલ દૂર આવેલા પાકિસ્તાન સાથે જોડાય ત્યારે મૂળ કુતિયાણાના એટલે કે જૂનાગઢ રાજ્યના જ મોહનદાસ કરમચંદ ગાંધી ઉર્ફે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પોકાર પાડે કે 'જૂનાગઢ સે પાકિસ્તાન જાના ચાહિયે' અને સરદાર પટેલ તેમજ પં. નેહરુ સહિતના ભારત સરકારના અધિપતિઓ તથા સામળદાસ ગાંધીના વડપણ હેઠળ જૂનાગઢના પ્રજાજનોની આરઝી હકૂમતે સંયુક્ત પ્રયાસો થકી ૯ નવેમ્બર ૧૯૪૭ના રોજ ગાંધીજીના એ સ્વપ્નને સાકાર કર્યું. જૂનાગઢના નવાબ મહાબતખાન તૃતીય તો બેગમો, સંતાનો અને લાડકા કૂતરા તેમજ ઝવેરાત ભરીને કરાંચી ભણી ઓક્ટોબર મહિનામાં જ ઉચાળા ભરી ગયા હતા. એમના મુસ્લિમ લીગી દીવાન સર શાહનવાઝ ભુટ્ટોએ, રાજકાજને બદલે પોતાના શ્વાનપ્રેમ, ગૌપ્રેમ અને નાટકપ્રેમમાં રમમાણ રહેતા, નવાબને પાકિસ્તાન સાથે જોડાણ કરવા પ્રેર્યા, પણ ૮૫ દિવસમાં જ જૂનાગઢની પ્રજા પાકિસ્તાની શાસનને ઉચાળા ભરાવવામાં હોવાનાં એંધાણ મળતાં જ ૮ નવેમ્બર ૧૯૪૭ના રોજ રિજિયોનલ કમિશનર અને આઈસીએસ અધિકારી નીલમ બુચને નામે જૂનાગઢ રાજ્યનો અખત્યાર ભારત સરકાર વતી સંભાળી લેવાનો પત્ર નાયબ દીવાન કેપ્ટન હાર્વે જ્હોન્સને બુચને પહોંચાડવા આપ્યો અને ભુટ્ટોએ કરાંચીની વાટ પકડી. ગાંધીજીના શબ્દો સાચા પડ્યા. જૂનાગઢમાંથી પાકિસ્તાન ગયું. નોંધાયેલા ૨,૦૧,૪૫૭ મતદારોમાંથી ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ મતદાન કરનાર ૧,૦૯,૮૭૦ મતદારોમાંથી માત્ર ૯૧ જણે પાકિસ્તાનમાં જોડાવાની તરફેણ કરી અને લંડનનાં પ્રતિષ્ઠિત અખબારો 'સન્ડે ટાઈમ્સ' અને 'ડેઈલી ટેલિગ્રાફ'ના જૂનાગઢમાં ઉપસ્થિત પ્રતિનિધિઓએ પણ મતદાનની તટસ્થતાની ગવાહી પૂરતા અહેવાલો આપ્યા. જોકે જૂનાગઢના નવાબના પાકિસ્તાનનિવાસી વંશજોએ એ વિશે હજુ સંયુક્ત રાષ્ટ્ર સમક્ષની ફરિયાદને તાજી કરીને જૂનાગઢને પાકિસ્તાનનો હિસ્સો લેખાવવાનું ચાલુ રાખ્યું છે.

જૂનાગઢના ભારતમાં વિલયનાં ૬૮ વર્ષ પછી ભારતીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૯ નવેમ્બર એટલે કે આરઝી હકૂમત દિવસે જ જૂનાગઢની મુલાકાત લે ત્યારે નવો ઈતિહાસ સર્જાય અને જૂના ઈતિહાસનું સ્મરણ થવું સ્વાભાવિક છે. ગાંધીજીના ભત્રીજા સામળદાસ ગાંધીના વડપણ હેઠળની આરઝી હકૂમત થકી જૂનાગઢ સ્ટેટ ભારતમાં ભળ્યું. વિભાજનના એ દિવસોમાં તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટન અને સરદાર પટેલ તેમજ પંડિત નેહરુએ ખૂબ કાળજી રાખીને ભારતીય લશ્કરી દળોને જૂનાગઢ રાજ્યની આસપાસ ગોઠવ્યાં હતાં, પણ જૂનાગઢ રાજ્યની હદમાં નહીં પ્રવેશવાની તાકીદ કરી હતી. એનું કારણ એ હતું કે જૂનાગઢ રાજ્ય પાકિસ્તાન સાથે જોડાયું હતું અને એ બાબત નવા ગૂંચવાડા સર્જાય નહીં એવું તેઓ અપેક્ષિત માનતા હતા. ભારત સરકારને અંધારામાં રાખીને જૂનાગઢે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ પાકિસ્તાન સાથેના જોડાણની જાહેરાત કરી દીધી હતી અને ૧૩ સપ્ટેમ્બરે પાકિસ્તાનના ગવર્નર જનરલ મોહમ્મદ અલી ઝીણાએ જૂનાગઢને પોતાના પ્રદેશ તરીકે સ્વીકારતાં સંમતિના હસ્તાક્ષર કર્યા એટલે જૂનાગઢમાં એનું સત્તાવાર જાહેરનામું પણ બહાર પડી ચૂક્યું હતું. રાજ્યની ૮૦ ટકા કરતાં વધુ વસ્તી હિંદુ હોવા છતાં નવાબને સમજાવી પટાવીને સર ભુટ્ટોએ પાકિસ્તાન સાથેના જોડાણખત પર સહી કરાવી લીધી હતી. પ્રજા ભડકી એટલે છેવટે ૭ નવેમ્બરે સર ભુટ્ટોએ સામળદાસ સાથે મંત્રણા આદરી અને બીજા દિવસે તેઓ પણ કરાચી ભાગી ગયા. જતાં જતાં જૂનાગઢનો કબજો સંભાળી લેવા ભારત સરકારને પત્ર લખતા ગયા હતા.

જે સામળદાસ ગાંધીના વડપણ હેઠળ આરઝી હકૂમત થકી જૂનાગઢ ભારતમાં ભળ્યું, એ સામળદાસ ધારાસભાની ૧૯૫૧ની પહેલી ચૂંટણી જૂનાગઢ અને પોરબંદર તાલુકા બેઠક પરથી લડ્યા અને બંને બેઠક પર ભૂંડા હાલે હારી ગયા હતા! ગાંધીજીના ભત્રીજા હોવાનો લાભ ચૂંટણીમાં એમને નહોતો મળ્યો.બંને બેઠકો પર કિસાન મજદૂર પ્રજા પાર્ટીના ઉમેદવાર તરીકે કોંગ્રેસ સામે લડ્યા હતા.જૂનાગઢની બેઠક પર સામળદાસ ૨૫૧ મતથી ચિત્તરંજન રાજા સામે હાર્યા, પણ પોરબંદર તાલુકા બેઠક તો માલદેવજી ઓડેદરા સામે ૧૩,૦૩૭ મતથી હાર્યા હતા.સામળદાસનો સ્વભાવ તેમણે નડ્યો એટલેજ એમણે અગાઉ ઢેબર સરકારમાંથી રાજીનામું આપ્યું હતું.એ પોતાને મુખ્ય મંત્રીપદના ઉમેદવાર જ માનતા હતા.પત્રકારત્વ અને રાજકારણ બેઉમાં નિષ્ફળ રહેલા સામળદાસનું ૧૯૫૩માં મૃત્યુ થયું હતું.

જૂનાગઢ ભારતનું અંગ બન્યા પછી ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ નાયબ વડા પ્રધાન અને રિયાસત ખાતાના પ્રધાન સરદાર પટેલ જૂનાગઢ આવ્યા. બહાઉદ્દદીન કોલેજના પ્રાંગણમાં દસ હજાર કરતાં વધુ લોકોની વિશાળ સભામાં સરદારનું ભાષણ થયું. એ પછી એમનો કાફલો સોમનાથ મંદિરના ભગ્ન અવશેષો નિહાળવા પ્રભાસ પાટણ ગયો. નેહરુ સરકારમાં સરદારનિષ્ઠ પ્રધાન અને 'જય સોમનાથ'ના રચયિતા ક. મા. મુનશી 'કુલપતિના પત્રો'માં નોંધે છે: "સરદારે જાહેરસભામાં કહ્યું : 'નવા વરસના આ પવિત્ર દિવસે આપણે નિરધાર કરીએ કે સોમનાથનો જીર્ણોદ્ધાર થાય. તમારે સૌરાષ્ટ્રવાસીઓએ આ માટે બનતું બધું જ કરવું જોઈએ. આ એક પવિત્ર કાર્ય છે, એમાં તમારે સૌએ ભાગ લેવો જોઈએ." પ્રારંભમાં ભારત સરકાર જીર્ણોદ્ધારનો તમામ ખર્ચ ભોગવશે એ માટે નેહરુ પણ સંમત હતા, પણ ગાંધીજીએ સરદારને કહ્યું કે, જીર્ણોદ્ધાર પ્રજાનાં નાણાં તથા સહયોગથી થવો જોઈએ. શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા કરવા માટે જગતની બધી જ નદીઓનાં જળ, મૃત્તિકા અને કાષ્ઠ લાવવાં જરૂરી હતાં. એટલે વિદેશ ખાતા દ્વારા તમામ ભારતીય એલચી ખાતાને આ મોકલવા વિનંતી કરાઈ. ચીનમાં ભારતીય રાજદૂત સરદાર પણિકકરે જળ અને કાષ્ઠ મોકલ્યાં તો ખરાં, પણ પંડિતજી પર લખ્યું: 'જો ભારતમાં આવું થતું રહેશે તો ચીનના લોકો આપણા માટે શું વિચારશે?' આ વાતે નેહરુને સોમનાથના જીર્ણોદ્ધાર અંગે પુનર્વિચાર કરવા પ્રેર્યા અને એમણે એની નારાજગી મુનશી સમક્ષ રજૂ કરી હતી. કમનસીબે સરદારનું ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ મૃત્યુ થયું હતું. મુનશી, જામ સાહેબ અને કાકાસાહેબ ગાડગીળ જેવા સરદારપ્રેમીઓએ નેહરુના વિરોધ